ભારતની અનોખી સિધ્ધિ : અગ્નિ-પનું સફળ પરીક્ષણ

નવી દિલ્હી,તા.૧૯

જેની ઉત્સુકતાપૂર્વક સરંક્ષણ નિષ્ણાંતો રાહ જોઈ રહ્યા હતા તે ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલ અગ્નિ-પનું ભારતે આજે સફળ પરીક્ષણ કરીને સરંક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ સફળતા હાંસલ કરી હતી. આની સાથે જ ભારત એવા ખૂબ ઓછા દેશોની યાદીમાં સામેલ થઈ ગયું છે જેમની પાસે આ પ્રકારના ઘાતક હથિયારો છે. ચીનની વધતી જતી સરંક્ષણ તાકતને ધ્યાનમાં લઈને ભારતે અગ્નિ-૫ તૈયાર કરી લીધી છે. ઓરિસ્સાના ચિલ્લર આઈલેન્ડ પરથી સવારે ૮.૦૫ વાગે મિસાઈલનું પરીક્ષણ કર્યુ હતું. ભારતની સૌથી શક્તિશાળી મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યુ ત્યારે મોટી સંખ્યામાં વૈજ્ઞાનિકો અને સરંક્ષણ નિષ્ણાંતો ઉપસ્થિત રહ્યા હતા. ગઈકાલે ખરાબ હવામાન અને પ્રતિકૂળ સંજોગના લીધે સાવચેતીના પગલા રૂપે આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું ન હતું. ઓરિસ્સાથી નિષ્ણાંતોનું કહેવું હતું કે સૌથી શક્તિશાળી મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પ્રસાંત મહાસાગારમાં ઈન્ડોનેસિયા નજીક આ મિસાઈલ નજીક પડી હતી. આ અગાઉ ગઈકાલે પરીક્ષણ થયું ન હતું. ૫૦૦૦થી વધુ કિલોમીટરની રેંજ ધરાવતી આ મિસાઈલ પરમાણું શસ્ત્રથી સજ્જ છે. આ મિસાઈલ પાકિસ્તાન ઉપરાંત ચીનના તમામ વિસ્તારો સુધી ત્રાટકવામાં સક્ષમ છે. આ અગાઉ અમેરિકા, ચીન, રશિયા, ફ્રાન્સ, અને બ્રિટનની પાસે જ આટલી શક્તિશાળી મિસાઈલ હતી. ઈઝરાઈલની પાસે પણ આ મિસાઈલ છે. ભારતને એલિટ કલબમાં સામેલ કરવાની ઝુંબેશ ચાલી રહી છે. પરંતુ ભારતે એનટીપીટી ઉપર હસ્તાક્ષર કર્યા નથી. જેથી આને લઈને વાંધો ઉઠાવવામાં આવ્યો છે. અગ્નિ-૫ મિસાઈલને તૈયાર કરવામાં ૨૫૦૦ કરોડનો ખર્ચ થયો છે. અગ્નિ-૫ મિસાઈલ સરંક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (ડીઆરડીઓ) દ્વારા કરવામાં આવી છે.

આ મિસાઈલની કુલ લંબાઈ ૧૭.૫ મીટર છે. અને આશરે ૪૮ ટન વજન ધરાવે છે. આ મિસાઈલ ૧ ટન સુધી પરમાણુ વિસ્ફોટક લઈ જવામાં સક્ષમ છે. ડીઆર ડીઓના અધિકારીઓના જણાવ્યા મુજબ અગ્નિ-૫ ત્રણ રોકેટના સહારે ક્રમ કરે છે. ડીઆરડીઓના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે વર્ષ ૨૦૧૦માં અગ્નિ-૩ના સફળ પરીક્ષણ અને ત્યારબાદ ૨૦૧૧માં અગ્નિ-૪ના સફળ પરીક્ષણ બાદ એ જ ડિઝાઈનને અગ્નિ-૫ માટે તૈયાર કરવામાં આવી હતી. ભારતની ઈન્ટરમિડિયટ બેલાસ્ટિક મિસાઈલોમાં અગ્નિ-૧, અગ્નિ-૨, અગ્નિ-૩, અગ્નિ-૪ અને અગ્નિ-૫ સામેલ છે. અગ્નિ-૫ના સફળ પરિક્ષણની સાથે જ વૈજ્ઞાનિકો, સરંક્ષણ નિષ્ણાંતો અને દેશના લોકોમાં ખુશીનુ મોજુ

મોસ્કો, તેહરાન, મનિલા, બેંકોંક સુધી પહોંચી શકે

નવી દિલ્હી,તા. ૧૯

અગ્નિ-૫ના મિસાઈલ પરિક્ષણની સાથે જ ભારતે આમૂતપૂર્વ સિદ્ધી હાંસલ કરી લીધી છે. સાથે સાથે ભારતે શસ્ત્રાગારના ક્ષેત્રમાંપણ મોટી સિદ્ધિ મેળવી લીધી છે. ડીઆરડીઓના ટોચના નિષ્ણાંતોનું કહેવું છે કે અગ્નિ-૫ અને ભારતની અન્ય મિસાઈલો દુનિયાના મોટાભાગના દેશો સુધી ત્રાટકવામાં સક્ષમ છે. સરંક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થાના જણાવ્યા મુજબ ભારતની ૨, ૩ અને ૫ મિસાઈલો મોસ્કો, બેજિંગ, તેહરાન, મનિલા, બેંકોક, જકાર્તા સહિતના શહેરોને સરંગતાથી આવરી શકે છે. અગ્નિ-૩ની રેંજ ૩૫૦૦ કિલોમીટરની છે. અગ્નિ-૨ની રેંજ ૨૦૦૦ કિલોમીટરની છે. અગ્નિ-૫ની ૫૦૦૦ કિલોમીટરની છે. આનો મતલબ એ થયો કે ભારત મોટાભાગના દેશોને મિસાઈલો મારકને આવરી લેવાની સ્થિતિમાં છે.

ઓરિસ્સાના વ્હીલર આઈલેન્ડ પરથી સવારે પરિક્ષણ કરાયું
ચીન-પાકિસ્તાન સુધી ત્રાટકવામાં સક્ષમ

ડીઆર ડીઓના અધિકારીઓના જણાવ્યા મુજબ અગ્નિ-૫ ત્રણ રોકેટના સહારે ક્રમ કરે છે. ડીઆરડીઓના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે વર્ષ ૨૦૧૦માં અગ્નિ-૩ના સફળ પરીક્ષણ અને ત્યારબાદ ૨૦૧૧માં અગ્નિ-૪ના સફળ પરીક્ષણ બાદ એ જ ડિઝાઈનને અગ્નિ-૫ માટે તૈયાર કરવામાં આવી હતી. ભારતની ઈન્ટરમિડિયટ બેલાસ્ટિક મિસાઈલોમાં અગ્નિ-૧, અગ્નિ-૨, અગ્નિ-૩, અગ્નિ-૪ અને અગ્નિ-૫ સામેલ છે. અગ્નિ-૫ના સફળ પરિક્ષણની સાથે જ વૈજ્ઞાનિકો, સરંક્ષણ નિષ્ણાંતો અને દેશના લોકોમાં ખુશીનુ મોજુ

ભારત હમેશાથી પરમાણુ પરીક્ષણને લઈને સાવધાન રહ્યું છે. અગ્નિ-૪ અને અગ્નિ-૫ની એક્યુરેન્સી રેન્જ પણ ખૂબ જ શ્રેષ્ઠ રહી છે. આપી હતી કે તે સંરક્ષણ ક્ષેત્ર પણ મહત્વપૂર્ણ સિદ્ધિ મેળવી ચુકી છે. અગ્નિ-૫ના પરીક્ષણને લઈને છેલ્લા ઘણા સમયથી ચર્ચા ચાલી રહી હતી. ભુમીથી

અગ્નિ-૫નુ નિર્માણ કામ આ વર્ષે જ શરૂ કરાશે : સારસ્વત

નવી દિલ્હી,તા. ૧૯

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (ડીઆરડીઓ)ના વડા વીકે સારસ્વતે કહ્યું હતું કે અગ્નિ-૫ બેલાસ્ટિક મિસાઈલના સફળ લોંચની સાથે જ ભારત મોટા મિસાઈલ પાવર તરીકે ઉભરી આવ્યું છે. તેમણે કહ્યું હતું કે આ શસ્ત્ર વ્યવસ્થાનું નિર્માણ કામ આ વર્ષે શરૂ થઈ જશે. ૫૦૦૦ કિલોમીટરની રેંજ ધરાવતી ભૂમિથી ભૂમિમાં પ્રહાર કરતી ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલાસ્ટિક

મિસાઈલ(આઈસીબીએમ)ને લોંચ કર્યા બાદ સારસ્વતે કહ્યું હતું કે આ લોંચથી સાથે સમગ્ર વિશ્વને આ વાતની ખબર પડી ગઈ છે કે ભારત આ સ્તરની મિસાઈલોની ડિઝાઈન તૈયાર કરવા, બનાવવા અને અન્ય રીતે અને સક્રિય કરવાની ક્ષમતા ધરાવે છે. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થાના વડાએ કહ્યું હતું કે મિસાઈલ લોંચ દેશના વ્યુહાત્મક ક્ષમતા તૈયારીના ભાગરૂપે મોટી સફળતા છે. તેમણે કહ્યું હતું કે અમે વધુ બે પરીક્ષણ કરવાની દિશામાં આગળ વધવા જઈ રહ્યા છીએ. આ સિસ્ટમના પ્રારંભિક કામગારી શરૂ કરવામાં આવશે. આમાં મહત્તમ એક વર્ષનો સમય લાગી શકે છે. સારસ્વતે વધુમાં કહ્યું હતું કે આગામી બે વર્ષમાં સશસ્ત્ર દળોમાં આ મિસાઈલને સામેલ કરી લેવામાં આવશે. સારસ્વતે કહ્યું હતું કે અગ્નિ-૫ના પરીક્ષણની સાથે જ મિસાઈલની નવી શ્રેણી માટે માર્ગ મોકળો થયો છે. તેમણે કહ્યું હતું કે અહીથી અમે અન્ય ઘણી મિસાઈલોની દિશામાં આગળ વધીશુ. જે એન્ટી સેટેલાઈટ સિસ્ટમ માટેની પણ હશે. ખુબ ટૂંકા ગાળામાં સેનાની જરૂરીયાતોને પહોંચી વળવા માઈક્રો, નાના અને નેનો સેટેલાઈટ લોંચ કરવા માટે આ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. સારસ્વતે કહ્યું હતું કે કેટલાક ઈલેક્ટ્રોનિક સાધનો સિવાય આ મિસાઈલમાં તમામ ઘટકો અને સાધનો સ્વદેશી છે. તેમણે દાવો કર્યો હતો કે આ મિસાઈલ ૮૦ ટકાથી વધારે સ્વદેશી છે. તમામ ભાગો અમારી લેબ અને ઈન્ડસ્ટ્રીઝમાં તૈયાર થઈ છે. સારસ્વતે મિસાઈલ મામલે અનેક વાત કરી હતી.

ઈન્ટરકોન્ટીનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલના સફળ પરીક્ષણ બાદ વૈજ્ઞાનિકોમાં પણ આને લઈને સતત ચર્ચા ચાલી રહી છે. ડીઆરડીઓના અધિકારીઓ અને નિષ્ણાંતોને અભિનંદન આપવાની શરૂઆત થઈ ચુકી છે. ભારત વિશ્વના સીધી શક્તિશાળી દેશો પૈકીના એક તરીકે ઉભરીને પહેલાથી આવી ચુકી છે. પરંતુ આજના પરીક્ષણ સાથે ભારતે સાબિતી આપી દીધી છે કે ભારત ચીન સહિતના ત્રાટકવામાં સક્ષમ છે. ઈન્ટરકોન્ટીનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલ ઓપરેટ કરવાની ક્ષમતા અમેરિકા સહિત ખૂબ ઓછા દેશો ભુમીમાં પ્રહાર કરવામાં સક્ષમ અગ્નિ-૫ મિસાઈલ જુદા જુદા પ્રકારના પેલોડ લઈને ત્રાટકી શકે છે. આ મિસાઈલ જમીન આધારિત મોબાઈલ પ્લેટફોર્મ ઉપરથી પણ લોન્ચ કરી શકાય છે. એક સાથે ઘણા બધા ટાર્ગેટ ઉપર આ મિસાઈલ ત્રાટકવામાં સક્ષમ છે. ઈન્ટરકોન્ટીનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલ ઓપરેટ કરવાની ક્ષમતા અમેરિકા સહિત ખૂબ ઓછા દેશો પાસે છે આજના સફળ પરિક્ષણ બાદ ડીઆરડીઓની યોજના આગામી એક વર્ષના ગાળામાં આ મિસાઈલના વધુ કેટલાક ટેસ્ટ કરવાની છે. પરંતુ તે પહેલા દરેક ટ્રાયલમાં હાંસલ કરવામાં આવનાર સિદ્ધિના આંકડાની ચકાસણી કરવામાં આવશે. ગયા વર્ષે નવેમ્બરમાં ડીઆરડીઓ દ્વારા અગ્નિ-૪ના મિસાઈલના પરિક્ષણ બાદથી એવી ચર્ચા ચાલી રહી હતી કે ભારત ચીન સહિતના કેટલાક દેશોની સરંક્ષણ ક્ષમતાને ધ્યાનમાં લઈને વધુ રેન્જની મિસાઈલોના પરીક્ષણ કરશે.

નક્સલીઓને છોડી મૂકવા અંગે ઓરિસ્સાને નોટિસ

ભુવનેશ્વર,તા. ૧૯

સુપ્રીમ કોર્ટે બીજેડીના પારાસભ્ય ઝીણા હિક્કાના બદલામાં નક્સલવાદીઓને છોડી મુકવાની હિલચાલ મામલે પ્રશ્નો ઉઠાવ્યા છે. બાનમાં પકડી રાખવામાં આવેલા પારાસભ્યને છોડાવવાના બદલામાં નક્સલવાદીઓને મુક્ત કરવાથી રાજ્ય સરકારને રોકવાની માંગ કરતી અરજી ઉપર સુપ્રીમ કોર્ટે આજે ઓરિસ્સા સરકાર અને કેન્દ્રને નોટિસ આપી છે. સુપ્રીમ કોર્ટે સેનાના નિવૃત્ત ઓફિસર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચલાવતી વેળા આ નોટિસ આપી હતી. સેનાના નિવૃત્ત ઓફિસરે જેલમાં રહેલા બળવાખોરોને છોડી મૂકવા માટે માઓવાદીઓની માગણીને પહોંચી વળવાથી ઓરિસ્સા સરકારને રોકવા રજૂઆત કરી હતી. કાઉન્ટર ટેરેરિઝમ ઓપરેશનના નિષ્ણાંત ગંગગુરુદ્વીપ બલીએ કહ્યું છે કે રાજ્ય સરકારે સુરક્ષાદળો દ્વારા પકડી પાડવામાં આવેલા માઓવાદીઓને છોડી મૂકવા જોઈએ નહીં. સુરક્ષાદળોએ જીવ જોખમમાં રાખીને આ માઓવાદીઓને પકડી પાડ્યા હતા. જસ્ટિસ ટીએસ ઠાકુર અને જ્ઞાનસુધા મિશ્રાની બનેલી બેંચે અરજી પર સુનાવણી ચલાવવા તૈયારી બતાવી હતી. આ મામલામાં મોડેથી કોર્ટમાં રજૂઆત કરવા બદલ નિવૃત્ત મેજર જનરલની પણ સુપ્રીમે ટીકા કરી હતી.

જલંધરમાં દુર્ઘટનામાં મૃતાંક વધીને ૧૪ થયો

જલંધર,તા. ૧૯

પંજાબના જલંધરમાં ૧૮ વર્ષીય એક સ્કૂલ ટ્રીપઆઉટને કાટમાળ હેઠળથી બહાર કાઢવામાં આવ્યા બાદ આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું છે. બનાવના ૭૩ કલાક બાદ બચાવ અને રાહત કામગીરીમાં સામેલ જવાનોએ તેને બચાવી લેવામાં સફળતા મેળવી છે. પારિવારીક સંજોગોના કારણે નિતેશ નામનો આ વિદ્યાર્થી ભણી શક્યો ન હતો અને તે કાર્પેટ કેંકટરીમાં કામ કરી રહ્યો હતો. દરમિયાન જલંધરમાં બનાવમાં મોતના આંકડો વધીને ૧૪ ઉપર પહોંચ્યો છે. હજુ સુધી ૧૦ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યાં છે. બીજા ૪ મૃતદેહ જોઈ શકાય છે પરંતુ બહાર કાઢી શકાયા નથી. ૬૨ લોકોને બચાવી લેવામાં આવ્યાં છે. કાટમાળ હેઠળથી ૧૦ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યાં છે. બચાવી લેવામાં આવેલા ૬૨ લોકો પૈકી કેટલાકને તબીબી સારવાર આપવામાં આવ્યાં બાદ હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. ખાડીના લોકો હજુ પણ સદર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પ્રાથમિકતા લોકોને બચાવી લેવાની છે. કોકલ પોઈન્ટ ખાતે આવેલી ત્રણ માળની ઈમારત ગયા રવિવારે પરાશાયી થઈ ગઈ હતી. જેના કારણે આ બનાવ બન્યો હતો. કાટમાળને દૂર કરવામાં હજુ પણ સમય લાગી શકે છે.

જીનેલિયાને છેતરપિંડીના કેસમાં નોટિસ ફટકારાઈ

હૈદરાબાદ,તા. ૧૯

અભિનેત્રી જીનેલિયા ડિસુઝાને આગામી દિવસોમાં કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવો પડે તેવી શક્યતા છે. મળેલી માહિતી મુજબ હાઈકોર્ટે છેતરપિંડીના કેસમાં જીનેલિયાને નોટિસ ફટકારી દીધી છે. હૈદરાબાદ શહેરમાં રિયલ એસ્ટેટ સાહસના કેટલાક કસ્ટમરોએ કોર્ટમાં અપિલ કરી દીધી છે.

આ લોકોનો દાવો છે કે જીનેલિયાએ પ્રમોટર કરનાર લોકો પૈકી એક તરીકે હોવાની વાત કરી હતી જેથી તેઓએ પણ આ પ્રોજેક્ટમાં એપાર્ટમેન્ટ

બુક કરાવ્યા હતા. આંધ્રપ્રદેશ હાઈકોર્ટના જસ્ટિસ કે સી ભાનુએ અભિનેત્રીને નોટિસ ફટકારી હતી અને ખુલાસો કરવા સૂચના આપી હતી. રિયલ એસ્ટેટ વેન્ચરના કસ્ટમરોનો દાવો છે કે જીનેલિયાએ રસ દર્શાવ્યા બાદ તેઓએ અહીં એપાર્ટમેન્ટ બુક કરાયા હતા. નિર્દોષ લોકો સાથે છેતરપિંડીના મામલામાં આરોપો અંગે ખુલાસો કરવા જીનેલિયાને કહેવામાં આવ્યું છે. આ રિયલ એસ્ટેટ વેન્ચરનું નામ અંજની પુત્ર રિયલ એસ્ટેટ કંપની રાખવામાં આવ્યો હતો જેમાં જીનેલિયાને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કંપનીએ રજૂ કરી હતી. એક કસ્ટમરની ફરિયાદને સ્વીકારી લઈને જજે કહ્યું હતું કે એક સમાચારમાં જવાબ આપવામાં આવે તે જરૂરી છે. આ વ્યક્તિએ કોજદારી અપીલ કરીને કહ્યું છે કે આ રિયલ એસ્ટેટ કંપનીએ તેના જેવા ઘણા લોકો સાથે છેતરપીંડી કરી હતી.

મુંબઈમાં ખૂબ ભરચક ટ્રેનથી પડતાં ૩ના મોત, ૧૭ ઘાયલ

મુંબઈ,તા. ૧૯

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં સેન્ટ્રલ રેલવેની ઉપનગરી ટ્રેન સેવા હજુ સુધી વિસ્તરી નથી. ટ્રેનોની સમસ્યાના કારણે સંપૂર્ણપણે સામાન્ય બની નથી જેથી એકબાજુ દરરોજ ટ્રેનમાં અવર જવર કરતા લોકો મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે બીજી બાજુ આજે સવારે ખૂબ જ ભરચક લોકલ ટ્રેનમાંથી પડી જતા ત્રણ લોકોના મોત થઈ ગયા હતા. આ બનાવથી મુંબઈ શહેરમાં ભારે નારાજગીનું મોજું ફરી વળ્યું હતું. અન્ય ભરચક ટ્રેનમાં મુસાફરી કરી રહેલા ૧૭ લોકોને પણ ઈજા થઈ હતી. સેન્ટ્રલ રેલવેના અધિકારીએ માહિતી આપતા જણાવ્યું છે કે સેન્ટ્રલ રેલવે લાઈન ઉપર ભનુપુર અને નાહુર રેલવે સ્ટેશન વચ્ચે ટ્રેનમાંથી પડી ગયા હતા અને તેમના મોત થયા હતા. અન્ય ૧૭ લોકોએ પણ જુદા

જુદા સ્ટેશન ઉપર ભરચક ટ્રેનમાં રમતુલા ગુમાવતા પડી જતા ઈજા થઈ હતી.

ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને પ્રાથમિક સારવાર રેલવે સ્ટેશન ઉપર પણ આપવામાં આવી હતી. સેન્ટ્રલ રેલવેના અધિકારીએ કહ્યુંહતું કે સેન્ટ્રલ રેલવેના ભારે ધારાધોરણનો કોઈ ભંગ થયો નથી. મૃત્યુ પામેલા અને ઘાયલ થયેલા લોકો ટ્રેનોમાં વધારે પડતી ભીડોના કારણે ભોગ બન્યા હતા. સેન્ટ્રલ રેલવેએ ઘાયલ થયેલા અને અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકો માટે વળતરની જાહેરાત કરી છે. અત્રે નોંધનીય છે કે છેલ્લા બે દિવસમાં મુંબઈમાં લાખો લોકોને સેન્ટ્રલ રેલવેમાં તકલીફના કારણે અડચણો પડી છે. કુરલા સ્ટેશન ખાતે મુખ્ય સિગ્નલીંગ કેબિનમાં આગ ફાટી નીકળવાના બનાવ બાદ લાખો લોકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. કુરલા સ્ટેશન ખાતે મુખ્ય સિગ્નલીંગ કેબિનમાં આગના બનાવ બાદ ટ્રેન સેવા પણ ખોરવાઈ ગઈ છે. સિગ્નલીંગ નેટવર્કને વ્યવસ્થિત કરવા યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે પરંતુ હજુ સુધી રિપેર કામગીરી પરિપૂર્ણ થઈ નથી. સેવા ધીમે ધીમે સામાન્ય બનાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વધુ પડતી ભીડના કારણે આજે બે યાત્રીઓના મોતને લઈને સામાન્ય લોકોમાં ભારે નારાજગી દેખાઈ હતી. કેટલાક લોકો તોડફોડ ઉપર પણ ઉતરી આવ્યા હતા પરંતુ તંત્રએ સાવધાનીના તમામ પગલાં લીધા હતા. દરમિયાન રેલવે સૂત્રોએ કહ્યું છે કે લોકલ સર્વિસ આવતીકાલે બપોર સુધી સંપૂર્ણપણે સામાન્ય બની જશે.

રામસેતુને સ્મારક તરીકે જાહેર કરવાના પ્રશ્ને કેન્દ્ર ગુંચવણમાં

નવી દિલ્હી,તા. ૧૯

પલક સ્ટ્રેટમાં પ્રાચીન રામસેતુને રાષ્ટ્રીય સ્મારક તરીકે જાહેર કરવાની માગણી કરીને દાખલ કરવામાં આવેલી જનતા પાર્ટીના પ્રમુખ સુબ્રમણ્યમ સ્વામીની અરજી પર કોર્ટે વલણ સ્પષ્ટ કરવા કેન્દ્ર સરકારે આજે ઈન્કાર કર્યો હતો. જસ્ટિસ એચએલ દત્તુ અને જસ્ટિસ અનિલ આર દવેની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર સ્વામીની અરજી પર જવાબ આપવા કોર્ટ ઈજાદો પરાવતી નથી. કોર્ટે તેની છેલ્લી સુનાવણીમાં સ્વામીની અરજી પર સરકાર પાસેથી જરૂરી સૂચનો રજૂ કરવા એડીશનલ સોલિસિટર જનરલ હરિન રાવલને આદેશ કર્યો હતો. સુબ્રમણ્યમ સ્વામીએ પોતાની અરજીમાં કહ્યું હતું કે દક્ષિણ ભારત અને શ્રીલંકા વચ્ચે પલક સ્ટ્રેટમાં આદમપુર તરીકે ઓળખીતા રામસેતુને પ્રાચીન સ્મારક તરીકે જાહેર કરવામાં આવે તે જરૂરી છે. કેન્દ્ર સરકાર સ્વામીની અરજીનો જવાબ આપવા માટે

તૈયાર નથી તે બાબતની નોંધ લીધા બાદ કોર્ટે ઓગસ્ટના ત્રીજા સપ્તાહમાં વધુ સુનાવણી માટે મામલો મોકૂફ કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટે ૨૩મી માર્ચના દિવસે પ્રાચીન રામસેતુને રાષ્ટ્રીય સ્મારક તરીકે જાહેર કરવામાં આવે કે કેમ તે અંગે વલણ સ્પષ્ટ કરવા કેન્દ્ર સરકારને કહ્યુંહતું. સુપ્રીમ કોર્ટે આ પ્રશ્નનો ઉકેલ શોધી કાઢવા સરકારને એક દિવસની મહોલત પણ આપી હતી. ત્યારબાદ ૨૯મી માર્ચના દિવસે આ મામલો હાથ ધરવામાં આવ્યો હતો. કોર્ટે પર્યાવરણ નિષ્ણાંત આર કે પચોરીના નેતૃત્વમાં ગ્રૂપના અહેવાલને રજૂ કરવા સરકારને સૂચના આપી હતી. વર્ષ ૨૦૦૮ની નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓશિયન ગ્રાફિક્સ (એનઆઈઓ)એ જણાવ્યું હતું કે એવા તારણ ઉપર પહોંચવા માટે અપૂરતા આંકડા છે કે સેતુ સમુદ્ર પ્રોજેક્ટને હાથ ધરવા માટે વૈકલ્પિક રૂપ ઉપલબ્ધ થઈ શકે છે. કોર્ટે અહેવાલ આપવા કેન્દ્ર સરકારે છ મહિનાની મહોલત આપી હતી.

ટાટ્રા કેસમાં નટરાજનના નિવાસ પર દરોડા પડ્યાં

નવી દિલ્હી,તા. ૧૯

સીબીઆઈએ આજે સવારે કન્સટર્સી કંપનીમાં ગેરરીતિના કેસમાં બીઈએમએલના ચેરમેન વીઆરએસ નટરાજનના નિવાસ સ્થાને સર્ચ ક્રમગીરી હાથ ધરી હતી. આ ઉપરાંત તેમની સામે એકઆઈનાર દાખલ કરવામાં આવી છે. સીબીઆઈએ દરોડા પાડયા બાદ વાંધાજનક દસ્તાવેજોમાં ચકાસણી કરવામાં આવી હતી. ઘણી ચીજવસ્તુઓ અને દસ્તાવેજો મળી આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે.

અહેવાલ મુજબ સીબીઆઈએ કોઈબ્લુર અને બેંગ્લોરમાં દરોડા પાડયા હતા. બીઈએમએલના વડા સામે એકઆઈઆર પણ દાખલ કરવામાં આવી છે. સીબીઆઈએ મંગળવારના દિવસે નટરાજનની પૂછપરછ કરી હતી. સેનાને ટાટ્રા ટ્રકના પૂરવઠાના મામલામાં ગેરરીતિ સંબંધે પૂછપરછ કરી હતી.

અગ્નિ-૫ મિસાઇલના સફળ પરીક્ષણ અંગે ખુશી અને સંતોષની લાગણી વ્યક્ત કરતા વડાપ્રધાન

નવી દિલ્હી,તા. ૧૯

વડાપ્રધાન મનમોહનસિંહે પરમાણુ સક્ષમ અગ્નિ-૫ મિસાઈલના સફળ પરીક્ષણ અંગે ખુશી અને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. સિંહે તમામ વૈજ્ઞાનિકો અને આ

પ્રોજેક્ટ સાથે સંકળાયેલા લોકોને તેમની સિદ્ધી બદલ અભિનંદન આપ્યા હતા. વડાપ્રધાને કહ્યું હતું કે સુરક્ષા તૈયારીઓના ભાગરૂપે ભારત બિલકુલ સાવધાન છે. ભારતે સંરક્ષણ ક્ષેત્રમાં તેની કુશળતા પહેલા પણ સાબિત કરી છે. દરમિયાન સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ કહ્યું હતું કે ભારતે મોટી સિદ્ધી હાંસલ કરી લીધી છે. ભારત આજે ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલ તૈયાર કરી રીતે થાય છે તે ટેકનોલોજી ધરાવનાર દેશોની ઈલીટ કલબમાં સામેલ થઈ ગયું છે. ઓરિસ્સાના દરિયાકાઠે વ્હીલર આઈલેન્ડ પરથી મિસાઈલ પરિક્ષણ કરવામાં આવ્યું હતું. સંરક્ષણ અને વિકાસ સંસ્થા ડીઆરડીઓ દ્વારા વિકસિત કરવામાં આવલી આ મિસાઈલની ત્રાટકવાની રેંજ ૫૦૦૦ કિલોમીટરની છે. દરમિયાન એન્ટોનીએ પણ આની પ્રશંસા કરી હતી. એન્ટોનીએ ડીઆરડીઓના વડા ડો. વીકે સારસ્વત સાથે ફોન પર વાત કરી હતી. ગઈકાલે ખરાબ હવામાનના કારણે મિસાઈલ લોંચ કરવાના કાર્યક્રમને મોકૂફ રાખવામાં આવ્યો હતો.

સિયાચીનમાંથી સૈનિકોને પરત ખેંચવા માટે પાકિસ્તાન ઈચ્છુક

નવી દિલ્હી,તા.૧૯

સિયાચીન વિવાદને ઉકેલવાની પાકિસ્તાનની ઈચ્છા અંગેના નિવેદનનું ભારતે સ્વાગત કર્યું છે. સંરક્ષણ રાજ્ય પ્રધાન પલ્લમ રાજુએ કહ્યું છે કે, વિશ્વના સર્વોચ્ચ યુદ્ધ મેદાનમાંથી સૈનિકોને પાછા ખેંચી લેવા માટેની પાકિસ્તાનના સેના વડા અશફાક પરવેઝ કિયાનીના નિવેદનનું અમે સ્વાગત કરીએ છીએ. રાજુએ કહ્યું હતું કે, તેઓને આ અહેવાલ વાંચીને ખુશી થઈ છે કે, પાકિસ્તાનને સિયાચીનમાં સૈનિકો જાળવી રાખવાના પડકાર અંગે સમજાઈ ગયું છે. ગઈકાલે પાકિસ્તાની સેનાના વડાએ કહ્યું હતું કે, ભારત અને પાકિસ્તાન વચ્ચેના તમામ વિવાદોને શાંતિપૂર્ણ રીતે ઉકેલી લેવા જોઈએ. આનાથી બંને દેશો વચ્ચે વિકાસની પ્રવૃત્તિ વધુ ઝડપી બનશે. લોકોના કલ્યાણની દિશામાં પગલાં હકારાત્મક સાબિત થશે. સિયાચીનના ગ્યાયરી સેક્ટરમાં બરફની ભેખડો ધસી પડવાના કારણે ૧૩૮ જવાનો દટાઈ ગયા બાદ સર્ચ ઓપરેશનની ચકાસણી કર્યા બાદ ઉત્તરીય શહેર સ્કાર્દુમાં પત્રકારો સાથેની વાતચીતમાં કિયાનીએ કહ્યું હતું કે, વિશ્વના સૌથી ઉંચા બેટલ ફિલ્ડ (યુદ્ધ મેદાન)માંથી સૈનિકો ખસેડી લેવા જોઈએ. તેઓ પ્રમુખ આસીફ અલી ઝરદારી સાથે ગ્યાયરી પહોંચ્યા હતા. સેના વડાએ કહ્યું હતું કે, સિયાચીનના વિવાદને ભારત અને પાકિસ્તાન દ્વારા વહેલીતકે ઉકેલવામાં આવે તે જરૂરી છે. કિયાનીએ દાવો કર્યો હતો કે, પાકિસ્તાને સિયાચીનમાં સૈનિકો તૈનાત કર્યા છે. ભારત દ્વારા હાથ ધરવામાં આવેલી હિલચાલના લીધે સૈનિકો ગોઠવવામાં આવ્યાં છે. સમગ્રવિશ્વ જાણે છે કે, પાકિસ્તાની સૈનિકો શા માટે સિયાચીનમાંછે. આ ગ્લેશીયરમાંથી સૈનિકો પાછા ખેંચી લેવાની જરૂર છે. જેથી બંને દેશો વચ્ચે પર્યાવરણમાં વધારો થશે અને વાતાવરણ હળવું બનશે. ભારત સાથે સિયાચીન મામલાને ઉકેલવા માટે પહેલ કરવા પીએમએલ-એનના વડા નવાઝ શરીફ દ્વારા કરવામાં આવેલી હાંકલ વચ્ચે પાકિસ્તાની સેનાએ આ મુજબની પ્રતિક્રિયા આપી છે. ગ્યાયરી નજીક ભેખડો ધસી પડવાના કારણે હાલમાં જે મોટી સંખ્યામાં પાકિસ્તાની સૈનિકો દટાઈ ગયા હતા. બચાવ ટીમો કેટલાક પ્રાથમિકતાના મુદ્દા પર ધ્યાન આપી રહી છે. વર્ષ ૨૦૦૩ બાદથી મોટાભાગે કોઈપણ ગોળીબાર થયો નથી.

મોબાઇલ રિચાર્જ કુપનો માટે પ્રોસેસિંગ ફી વધારાને મંજૂરી

નવી દિલ્હી,તા. ૧૯

ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાયે રૂપિયા ૨૦લી ઉપરની કિંમતની તમામ મોબાઈલ રિચાર્જ કૂપન (ટોપ અપ વાઉચર) માટે પ્રોસેસિંગ ફીમાં વધારાને આજે લીલીઝંડી આપી દીધી હતી. ટ્રાયે અદી વર્ષના લાંબા ગાળા બાદ ટેલિકોમ ટેરિફ ઓર્ડર (ટીટીઓ)માં કરવામાં આવેલા સુધારા મારકેનેવાર્જમાં પાંટ્રકદાનવધારાનેમંજૂરી આપી દીધી છે. ટેલિકોમ ટેરિફ ઓર્ડર (ટીટીઓ)માં ટ્રાયે કહ્યું છે કે, સત્તાવાળાઓએ ટોપ અપ વાઉચર્સ પર પ્રોસેસિંગ ફી પરની મર્યાદા રૂપિયા બેથી વધારીને ત્રણ કરી દીધી છે. રૂપિયા ૨૦ની મહત્તમ રિટેલ કિંમત ધરાવતી કૂપનો પર પ્રોસેસિંગ ફીમાં વધારો